# જાહેર નિવિદા

## કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે

કાયદા વિભાગ હસ્તકની પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડ તેમજ જિલ્લા હસ્તકની પ્રિન્સપાલ સીવીલ કોર્ટ, પારડી, ધરમપુર, કપરાડા, વાપી તેમજ ઉમરગામ મુકામે કાર્યરત તાલુકાની ન્યાયાલય કચેરીઓમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ–સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણી માટે કોર્ટ, રૂમ, ચેમ્બર, ઓફીસો, લોબીઓ તેમજ કોર્ટ બિલ્ડીગમાં આવેલ તમામ ટોયલેટ / બાથરૂમ તથા કમ્પાઉન્ડની રોજ–બરોજની સાફ સફાઈ માટે સમગ્ર તથા કામગીરી માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ જે An ISO 9001 : 2008 Certified Company પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્ણ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૭–૦૦ કલાક વચ્ચે **તા.૦૧–૦૩–૨૦૨૧ ( સોમવાર )** સુધીમાં ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડની કચેરી ખાતેથી મેળવી **પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, વલસાડની** કચેરીના નામનો રૂા. ૧,૫૦૦/– (અંકે રૂા. એક હજાર પાંચ સો પુરા)નો ડીમાન્ડ ડ્રાફટથી (પરત નહીં ચુકવવા પાત્ર) અરજી સાથે આપી ટેન્ડર ફોર્મ મેળવી અને પૂર્ણ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ નીચે સહી કરનાર અધિકારીને તા. ૦૨–૦૩–૨૦૨૧ ના રોજ સાંજના કલાક ૫–૦૦ વાગ્યા સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની (કોર્ટની ) મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિનું નિરીક્ષણ કરી અત્રેની કચેરીમાં ઉપલબ્ધ ટેન્ડર સાથે જોડવાની વિગત તથા ફોર્મ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

સ્થળ : ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ

( એમ.કે.દવે )
પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજ
વલસાડ

તારીખ : ૧૨ –૦૨–૨૦૨૧

કચેરીનું સરનામું : ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડ, ધરમપુર રોડ, તા. જી. વલસાડ પીન નં. ૩૯૬ ૦૦૧.